જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૨/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૨૭૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૧૩૦ લીટર દેશી દારૂ, ૩૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૨૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૭ બિયર ટીન, ૦૧ કાર અને ૦૨ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૦૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૨૭૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૨૭૨/૨૦૨૬**

નરોડાઃ સોલા ખાતે રહેતા અને નરોડા ગામ દેવ કોમ્પલેક્ષ ખાતે રાધે ક્લિનીક ધરાવતા ડૉશ્રીએ તા.૨૨/૦૨/૨૦૨૬ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૨/૨૦૨૬ રાતના ૦૮/૦૦ થી તા.૧૨/૦૨/૨૦૨૬ સવારના ૦૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ક્લિનીકનું શટર ઉંચુ કરી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ક્લિનીકના ટેબલના ખાનામાંથી બે મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ૧,૪૬,૦૦૦/–મળી કુલ રૂપિયા ૧,૪૭,૫૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.આઈ.રાવળ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૨૭૩/૨૦૨૬**

સરખેજઃ સરખેજ આંબલી રણછોડ વાઘરીવાસ ખાતે રહેતા જીતેન્દ્ર જશોબન્ત જેના (ઉ.વ.૨૪) (મુળ વતન. ગામ–ચકોડા કેન્દ્રપરા ઓડિશા) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૨/૨૦૨૬ રાતના ૮/૩૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખા સાથે ટુવાલ બાંધી ગળોફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઈ રૂખડભાઈ ચલાવે છે.

વટવાઃ શિવાની વા/ઓ જય ગોવિંદ શાક્યવાર (ઉ.વ.૨૨) (રહે. ગોકુલધામ સોસાયટી બચુભાઈ કુવો વટવા) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૨/૨૦૨૬ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે છતમાં લાકડાની વળી સાથે સાડી બાંધી ગળોફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.કે.જાડેજા ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી